### એમ્બ્યુલન્સ સેવા ગામ સુધી પહોંચી શકતી ન હોવાથી સ્થાનિકોને અગવડ

## નસવાડી તાલુકાના તલાવ ગામની સગર્ભા મહિલાને સ્ટ્રેચરમાં નાખી એક કિલોમીટર ચાલતી લઈ જવી પડી

**પહેલા ઝોળી હતી તે હવે સ્ટ્રેચરના રૂપમાં આવી પણ એમ્બ્યુલન્સ સેવા તો નથી આવી શકતી**



(પ્રતિનિધિ) નસવાડી, તા.10

નસવાડી તાલુકાનું તલાવ ગામ મુખ્ય રસ્તા થી જોડાયેલું છે પરંતુ તલાવ ગામના પટેલ ફળિયું, ટેકરાફળિયું, તેતરકુંડી ફળિયું, આંબલુંકાંટા ફળિયું આમ ચાર ફળિયા માં આઝાદી ના વર્ષો પછી પણ રસ્તા ની સુવિધા નથી ગામમાં 800 જેટલા લોકો ની વસ્તી છે જ્યારે તલાવ ગામની મીરાબેન ચેનતભાઈ ડુંગરાભીલ ને પ્રસૂતિ નો દુખાવો ઉપડતા આરોગ્ય વિભાગ દ્વારા આ મહિલા ના ઘરે સ્ટ્રેચર મોકલવામાં આવ્યું હતું અને સ્ટ્રેચર માં સુવડાવી ને એક કિલોમીટર સુધી ઢાળ વાળા રસ્તા ઉપર મહિલાઓ સ્ટ્રેચર ઉચકીને પગપાળા ચાલીને એમ્બ્યુલન્સ ઉભી હતી ત્યાં સુધી લઈ ગયા હતા ત્યાર બાદ આ મહિલા ને નજીક માં આવેલ હરખોડ સબ સેન્ટર માં લઈ ગયા હતા ત્યાર બાદ દુગ્ધા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માં લઈ ગયા હતા હાલ તો મહિલા ને પ્રસૂતિ માટે દાખલ કરવામાં આવી છે જ્યારે સ્થાનિક લોકો નો આક્ષેપ છે કે વારંવાર અમારા વિસ્તાર માં સગર્ભા બહેનો ને ઝોળી માં નાખીને પ્રસૂતિ નો દુખાવો ઉપડે ત્યારે લઈ જવામાં આવતી હતી પરંતુ આરોગ્ય વિભાગ દ્વારા હવે સ્ટ્રેચર આપવામાં આવ્યું છે હવે સ્ટ્રેચર માં નાખીને ઉચકી ને લઈ જઈએ છે જ્યારે સરકાર રસ્તો બનાવી આપતી નથી એ ઘણી દુખત બાબત છે

ફોટો લાઈન; નસવાડી તાલુકાના તલાવ ગામની સગર્ભા મહિલા ને સ્ટ્રેચર માં નાખીને એક કિલોમીટર ઢાળ વાળા રસ્તા ઉપર પગપાળા ચાલીને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડવામાં આવી હવે ઝોળી ની જગ્યાએ સ્ટ્રેચર એ લઈ લીધી છે.

### પાવર ગ્રીડની હાઈ ટેન્શન લાઈને ડેસર તાલુકાના ખેડૂતોમાં ટેન્શન વધાર્યું

## રાજુપુરા ખાતે પુનઃ ખેડૂત બેઠક યોજાઈ, હવે પછી રેલી સ્વરૂપે વિરોધ કરી આવેદનપત્ર આપશે



(પ્રતિનિધિ) સાવલી, તા.10

800 KV પાવર ગ્રીડ કોર્પોરેશનની ભુજ ના ખાવડા થી નાગપુર સુધી હાઈ ટેન્શન લાઈન પસાર થવાની હોવાથી ખેડૂતોની ઊંઘ હરામ થઈ ગઈ છે અને આ બાબતે ડેસરના રાજુપુરાના ખેડૂતો એ અગાઉ જિલ્લા કલેકટરને લેખિત જાણ કરી હતી આજે તારીખ 10 જાન્યુઆરીના રોજ બપોરે 2:00 વાગે તાલુકાના રાજુપુરા ખાતે પુનઃ એક વખત મોટી સંખ્યામાં ખેડૂતો ભેગા મળીને વિસ્તૃત ચર્ચા કરી હતી અને ચર્ચાના અંતે નક્કી થયું હતું કે તારીખ ૧૯ જાન્યુઆરીના રોજ વડોદરા જિલ્લા કલેકટર ને તમામ ગામના 50 જેટલા અગ્રણી ખેડૂતો આવેદનપત્ર આપીને રૂબરૂ રજૂઆત કરશે, વળતર ઉપરાંત ખેડૂતોને માસિક અથવા વાર્ષિક ભાડું આપવા અને વીજ લાઈન ખેડૂતોની જમીન માં જ્યારે નાખવામાં આવે છે ત્યારે તેની કિંમત હંમેશ માટે ડી વેલ્યુએશન થઈ જાય છે આ વીજ ટાવર કાયમ માટે ખેડૂતોની જમીનમાં લગાવવામાં આવે છે આથી આવતા 100 વર્ષ સુધીનું વેલ્યુએશન કરી ખેડૂતોને વળતર આપવામાં આવે, સાથે સાથે નાની જમીન ધરાવતા ખેડૂતો ની જમીનના ટુકડા થઈ જશે, આગામી સમયમાં ખેતરમાં કોઈ પણ જાતનું બાંધકામ પણ નહીં કરી શકે, ઉક્ત બાબતે ખેડૂતો સાથે ચર્ચા વિચારણા કરાયા પછી જ કામ કરવું જો ખેડૂતો ના હીતમાં કામ નહીં થાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરતાં પણ ખચકાઈશુ નહીં તેવુ ખેડૂતો રોષ ભેર જણાવી રહ્યા હતા આજે તા ૧૦ જાન્યુઆરીના રોજ ખેડૂતોની બેઠક માં જોઈએ તેટલા ખેડૂતો હાજર રહ્યા ન હતા 700 ખેડૂતોની બેઠકમાં આવવાની ગણતરી હતી તેમાં માત્ર 70 ખેડૂતો હાજર રહ્યા હતા આ જોઈને કેટલાક અગ્રણી ખેડૂતો આવા સમયે હાજર ન રહેતા ખેડૂતો ઉપર રોષે ભરાયા હતા કારણકે મુસીબત બધા ઉપર આવી છે ખેડૂત એકતા નહીં બતાવે તો આવતા સમયમાં ખેડૂતો વધારે નુકસાનમાં ઉતરશે.

### તંત્ર દ્વારા રેતીના ઢગલા હટાવવા લોકમાંગ ઉઠી છે

## બોડેલીથી જબુગામ વચ્ચે હાઈવે રોડની બે બાજુ પથારાયેલા રેતીના થર થી અકસ્માતનુ જોખમ



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.10

છોટાઉદેપુર જિલ્લામાં આવેલ નેશનલ હાઈવે નંબર 56 પર જબુગામ થી બોડેલી વચ્ચે અનેક રેતીના સ્ટોક આવેલા છે તથા રેતીની લીઝો પણ આવેલી છે જ્યારે વધુમાં વાત કરીએ તો જબુગામ બોડેલી વચ્ચેના રોડ ઉપર ખાળાઓનું સામ્રાજ્ય પણ જોવા મળી રહ્યું છે જેના કારણે ટ્રકો તથા ટ્રેક્ટરો દ્વારા મુખ્ય રોડ ઉપર રેતી વહન કરવામાં આવતું હોય છે ત્યારે મોટા મોટા ખાડાઓના કારણે રેતી રોડ ઉપર વેરાતી જતી હોય છે અને વાહનોની અવરજવરના કારણે રોડની બાજુમાં એ જ રેતીના ઢગલાઓ થઈ જતા હોય છે જેથી કરીને એ રેતીના કારણે વાહન ચાલકોને બાઈક ચાલકોને ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે કેટલીક વાર તો બાઈક ચાલકો રોડ ની બાજુમાં આવેલી રેતીના કારણે સ્લીપ ખાઈને પડી પણ જતા હોય છે અને મોટા વાહનો ના ટાયરો એ રેતી પર પડતા ખૂબ જ મોટા પ્રમાણમાં ધૂળ ડમરી ઊડતી નજરે ચડે છે જેમાં બાઈક ચાલકો ખૂબ જ અટવાતા હોય છે, જ્યારે વધુમાં વાત કરીએ તો જબુગામ CHC હોસ્પિટલ ની બહાર પણ મુખ્ય ગેટ પાસે ખૂબ જ મોટા પ્રમાણમાં રેતી જોવા મળે છે જ્યારે કોઈ દર્દી મોટર સાયકલ લઈ દવાખાને જઈ રહ્યો હોય ત્યારે પણ સ્લીપ ખાઈને પડી જવાય એવી પરિસ્થિતિ ત્યાં જોતા લાગી રહી છે.

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંદવાડાના મંકોડી ખાતે 135 લોકોના એક્ષ-રે કરાવ્યા

**જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર ને ફાળવેલ પોર્ટેબલ એક્ષરે મશીન ઉંડાણ ના ગ્રામ્ય વિસ્તારોમાં માટે આશીર્વાદરૂપ**



(પ્રતિનિધિ) ક્વાંટ, તા.10

ટીબી મુક્ત ભારત અભિયાન ઝૂંબેશ હેઠળ ટીબી ના દર્દીઓ ને સમુદાય માં થી વહેલી તકે શોધી શકાય અને સારવાર આપી રોગમુક્ત થઈ શકે તે હેતુથી છાતી ના એક્ષરે દ્વારા ઝડપી નિદાન થઈ શકે તે માટે ફાળવવામાં આવેલ હેન્ડ હેલ્ડ (પોર્ટેબલ) એક્ષરે મશીન દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પણ સહેલાઈથી પહોંચી એક્ષરે પાડી શકાય તેવા મશીન દ્વારા આજે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંદવાડા ના મંકોડી સબ સેન્ટર ખાતે એક્ષરે નિદાન કેમ્પ આયોજિત કરવામાં આવ્યો હતો, આ મશીન ની ખાસિયત એ છે કે ઓછુ વજન અને ટુંકી લંબાઈ ધરાવતા મશીન ને સહેલાઈથી હાથ વડે ઉંચકીને નિર્ધારિત જગ્યાએ સરળતાથી પહોંચી શકાય છે અને મશીન એટેચ લેપટોપ ની મદદથી મિનિટોમાં નેગેટિવ કે પોઝિટિવ છે તેનું રિપોર્ટિંગ કરી આપે છે.

## બોડેલી ખત્રી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ BAPS સ્વામીનારાયણ મંદિર ITI ની મુલાકાત લીધી



(પ્રતિનિધિ) બોડેલી, તા.10

ખત્રી વિદ્યાલયના ધો.૦૯,૧૦ અને ૧૧ વોકેશનલ કોર્સ એપેરલ મેડ એન્ડ હોમ ફર્નિશિંગના કુલ ૧૦૨ વિદ્યાર્થીઓએ બોડેલી BAPS સ્વામીનારાયણ મંદિર ITI ની ઉદ્યોગક્ષેત્ર અને ટેકનિકલ શિક્ષણથી પરિચિત થવા માટે એક શૈક્ષણિક અને વ્યાવસાયિક મુલાકાત લીધી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને ટેલરીંગ કામ, મશીન મેકિંગ, ઈલેક્ટ્રિકલ, ઓટોમોબાઈલ, વેલ્ડિંગ, ફિટિંગ જેવા વિવિધ કૌશલ્યો વિકસાવવાના અભ્યાસક્રમો અને સંસ્થા દ્વારા પ્રદાન કરવામાં આવતી તાલીમ અંગે માહિતી આપવાનો હતો. આઈટીઆઈના શિક્ષણ વિશેષજ્ઞોએ વિદ્યાર્થીઓને વ્યાવસાયિક તાલીમના વિવિધ પાસાઓ અને વર્કશોપ પરિપ્રેક્ષ્યમાં કૌશલ્ય અને અદ્યતન તકનિકો વિશે સમજ આપી. આ મુલાકાત દ્વારા, વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દી માટે વિકલ્પોને સમજવા અને વ્યાવસાયિક જગતમાં કાર્ય કરવાની યોગ્ય રીત અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.આ પ્રસંગે શાળાના વોકેશનલ ટ્રેનર સુમૈયાબેન સંભાલીવાલાએ વિદ્યાર્થીઓને અધતન વિવિધ કૌશલ્ય સાધનોથી સજાગ કરવા માટે આ પ્રકારના અભ્યાસક્રમોની મહત્વત્તા પર ભાર મૂક્યો.આ મુલાકાતથી વિદ્યાર્થીઓને તેમના ભવિષ્ય માટે નવી તક અને ટેકનિકલ ક્ષેત્રમાં કામ કરવાની નવી દિશા મળી રહેશે.

## ડબકા ગામે બે દિવસીય વિદ્યાર્થીઓ માટે મેડિકલ કેમ્પ યોજાયો



પાદરા : પાદરા તાલુકાના ડબકા ગામે આવેલી શ્રી ડબકા જૂથ કેળવણી મંડળ સંચાલિત ડબકા હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓના સર્વાંગી સ્વાસ્થ્ય અને સુખાકારીના ઉદ્દેશ્ય સાથે સુપરસ્પેશિયાલિટી હોસ્પિટલ ના સહયોગથી બે દિવસીય જનરલ મેડિકલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. પહેલું સુખ તે જાતે નર્યા અને તંદુરસ્ત શરીરમાં જ તંદુરસ્ત મનનો વાસ જેવા સૂત્રોને સાર્થક કરવા બે દિવસીય યોજાયેલ આ કેમ્પમાં શાળાના વિદ્યાર્થીઓ તેમજ વાલીશ્રીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કેમ્પ દરમિયાન નિષ્ણાત તબીબી ટીમ દ્વારા આંખોની તપાસ, બ્લડ પ્રેશર (BP), ડાયાબિટીસ (RBS), ઊંચાઈ-વજનની માપણી તેમજ સામાન્ય શારીરિક તપાસ કરવામાં આવી હતી અને જરૂરી તબીબી સલાહ-સૂચનો આપવામાં આવ્યા હતા.

## પાદરા-જંબુસર રોડ પર માર્ગ અકસ્માતમાં 54 વર્ષીય બાઈક ચાલકનુ મોત

પાદરા : પાદરા-જંબુસર રોડ પર બ્રાહ્મણવશી ચોકડી, માસરરોડ ગામની સીમ વિસ્તારમાં ગફલતભરી અને પુરઝડપે મોટર સાયકલ ચલાવવાના કારણે ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં એક વ્યક્તિનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે વડુ પોલીસ મથકે ફરિયાદ નોંધવા પામી છે. ફરિયાદી કમલેશકુમાર છત્રસિંહ પઢિયાર (ઉ.વ.૨૯), રહે.ચોકારી, તા.પાદરા, જી.વડોદરા દ્વારા આપવામાં આવેલી ફરિયાદ મુજબ તેમના પિતા છત્રસિંહ સુરસિંહ પઢિયાર (ઉ.વ.૫૪) પોતાની મોટર સાયકલ ઉપર નોકરી પરથી પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન બ્રાહ્મણવશી ચોકડી પાસે સામેથી આવતી મોટર સાયકલના ચાલકે પુરઝડપે અને બેદરકારીપૂર્વક વાહન ચલાવી તેમની મોટર સાયકલ સાથે અથડામણ કરી હતી. સારવાર દરમ્યાન તેઓનું મોત નિપજ્યું હતું.

## સુખસર તાલુકાના ભીતોડી પ્રાથમિક શાળામાં વિશ્વ હિન્દી દિવસની ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ) સુખસર,તા.10

સુખસર તાલુકાના ભીતોડી પ્રાથમિક શાળામાં વિશ્વ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.સૌ પ્રથમ શાળાના સ્ટાફ અને આચાર્ય દ્વારા વિશ્વ હિન્દી દિવસ વિશે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં વિશ્વ હિન્દી દિવસ સૌપ્રથમ ઈસ્વીસન 1975 માં નાગપુર ખાતે ઈન્દિરાબેન ગાંધી દ્વારા ઉજવવામાં આવ્યો હતો. જેમાં 30 દેશોમાંથી 122 પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. ત્યારબાદ 2006 થી દર વર્ષે વિશ્વ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવે છે.

સાથે એ પણ માહિતી આપવામાં આવી કે રાષ્ટ્રીય હિન્દી દિવસ 14 સપ્ટેમ્બર ના રોજ ઉજવવામાં આવે છે. વિશ્વમાં લગભગ 75 કરોડ જેટલા લોકો હિન્દી ભાષા બોલી અને સમજી શકે છે.ભારતમાં 53 કરોડ જેટલા લોકો હિન્દી ભાષાનો ઉપયોગ કરે છે.


ગુજરાતમિત્ર 31-05-2022 થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹9 +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**વુલન સ્વેટરો,** રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**કબુતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**જમીન પુરાણ માટેનો** મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

**લાઈફ હિંચકાના કડાં** અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**ડિસપ્યુટ વાળી** સરકાર મા જમા જમીન/ પ્લોટ ના ટાટયલ ક્લિયર માટે મળો. 9978936367

**હાર્ડવેર, સેનેટરી** ઈન્ડસ્ટ્રીયલ, પ્લાયવુડની ચાલુ દુકાન આપવાની હોય તો, અને ડેડ સ્ટોક આપવા માટે સંપર્ક કરો Mob: 7568773647

**CM PEST CONTROL** લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL** 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**પાપડ અચાર** સુરતમાં વાલોડના પ્રખ્યાત પાપડ અને અચાર હોલસેલ ભાવ માં છુટક મળશે Free Home dilevery Mo. 9099645605 Surat. Ranitalaw (748)

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**(સાગર- 9427113317)** દ્વારકા, સોમનાથ, સારંગપુર, 24- જાન્યુઆરી, ઉજ્જૈન ઓમકારેશ્વર, મંમલેશ્વર

**(23/ જાન્યુઆરી** રાજસ્થાન) (કરછ સફેદ રણ) (ખાટુશ્યામ જયપુર) (દરરોજ મહામાઘ મેળો પ્રયાગરાજ) 9825967888

**ઓમશિવ ટ્રાવેર્લ્સ** 12 જાન્યુઆરી ( દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા) (ઉજ્જૈન, ઓમકારેશ્વર, સિહોર) 16 જાન્યુઆરી, ખાટુશ્યામ, સાંવરીયાશેઠ, સાલાસર બાલાજી, શ્રીનાથજી, પુષ્કર. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**અયોધ્યા/ વારાણસી** / પ્રયાગરાજ. ટ્રેન/ એસી ટેમ્પો ટ્રાવેલ સાથે. સુપર ડિલક્ષ હોટલ/ બ્રેકફાસ્ટ/ ડીનરનું એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન. ઉપડવા તારીખ 5 એપ્રિલ, દિવસ- 9. જાણીતું અને અનુભવી નામ બંકીમ મહેતા. (9429507723) જોય એન જોય ટ્રાવેલ્સ. સુરત

**મિલ્કત ભાડે -વેચાણ**

**વેચવાની છે/** ભાડે આપવાની છે સુરતના અડાજણમાં પ્રાઈમ લોકેશન, એલ.પી.સવાણી રોડ પર, સ્ટારબજારની પાછળ, ક્રોમાની ઉપર ''પ્રોટોન પ્લસ'' બિલ્ડીંગમાં ઓફિસ વેચવાની છે/ ભાડે આપવાની છે. (૧૦૦૦ સ્કેફુટ- સુપર બિલ્ટઅપ) સંપર્ક : ક્વન દેસાઈ મો. ૭૮૭૪૯૬૦૬૧૩

**વેચવાની છે/ ભાડે** આપવાની છે. સુરતના પ્રાઈમ લોકેશન ઘોડદોડ રોડ, શિવ શક્તિ સ્વીટસની સામે, ત્રિભુવન કોમ્પલેક્ષમાં હોટેલ, હોસ્પીટલ, બેંક, શોરૂમ, ઓફિસ, દુકાન વિગેરે લાયક જગ્યા વેચવાની છે/ ભાડે આપવાની છે. ૫૦૦૦ સ્કે.ફૂટ/ પોડિયમ બ્લોક. સંપર્ક: હરીશભાઈ/ ક્વન મોબા. ૯૭૨૪૮૧૧૫૫૫, ૭૮૭૪૯૬૦૬૧૩

**જમીન વેચવાની છે** 44,000 સ્કે.ફીટ, NA પ્લાન પાસ સ્ટેશનથી 500 મીટર જ દુર, ટાઈટલ કલીયર, કમ્પ્લીટ કમ્પાઉન્ડ વોલ સાથે દલાલ આવકાર્ય ગામ : દેસરા, બીલીમોરા 98251 34718

**નોકરી વિષયક**

**તાત્કાલિક ભરતી,** વેરહાઉસ ઓપરેશન્સ એક્ઝિક્યુટિવ, 12 પાસ, ગ્રેજ્યુએટ 1 થી 5 વર્ષના અનુભવી, Slowwalker Products Pvt Ltd. પિપોદરા. સુરત, સંપર્ક 9274523828

**પટાવાળા જોઈએ છે** સી.એ. ઓફિસ માટે એસ એસ સી પાસ- નાપાસ પટાવાળા મળો. જશવંત પી. પટેલ એલ- ૧૦, બેઝમેન્ટ જલદર્શન ટાવર, બહુમાળીની બાજુમાં નાનપુરા- સુરત (745)

**જોઇએ,** ઓફિસ/ ડિલિવરી બોય A-One Computers Nanpura, 8690586868

**ફ્લેટ વેચવાના છે** » જહાંગીરપુરામાં રોઝ ગાર્ડન પાસે » ૧૬૫૪ સ્કે ફીટ » ૩ બેડરૂમ /હોલ/ કીચન » ૧૩૧૦ સ્કે ફીટ » ૨ બેડરૂમ /હોલ/ કીચન મો.નં. 8141577577 9879890021

**Require** Fulltime Accountant Having knowledge of computer and Tally Accounting. Preferably CA Inter. For Surat Ring Road office. Contact 8866316647

**Required** Sales Executive (Diploma Electrical) for Sales of Multinational Products (On Commission Basis) Contact: 9076072066 Email: dalaalsales@gmail.com

**એકાઉન્ટન્ટ જોઈએ** એક પ્રતિષ્ઠિત સંસ્થા માટે, પગાર: 10,000થી 18,000 મહિને, ઓછામાં ઓછા 8 કલાક/ દિવસ. નયનભાઈ લાડ. 9265493386

**''રામજી ફાર્મ & બેન્કવેટ હોલ''** મેરેજ, બર્થડે પાર્ટી, રિસેપ્શન, ડીજે, માટે સંપર્ક કરો.ઉગત કેનાલ રોડ, જહાંગીરાબાદ, રાંદેર રોડ, સુરત. વધુ જાણકારી માટે ડાયરેક્ટ ફોન કરો. 9913448822

**નોકરી** મેળવવાની અમૂલ્ય તક 18 થી 35 વર્ષના ધો. 10 કે તેથી વધુ ભણેલા ભાઈઓ- બહેનોને ફ્રીમાં જનરલ ડ્યુટી આસીસ્ટન્ટ (નર્સિંગ) ની તાલીમ લઈને હોસ્પિટલમાં જોબ મેળવવાની તક. તાલિમમાં જોડવા આજે જ સંપર્ક કરો: 9154169185, 9313296201

**જોઇએ છે** અનુભવી ફીમેલ ડેન્ટલ સ્ટાફ કમ આસિસ્ટન્ટ કોન્ટેકટ ડો. સોનલ પરમાર Mobile- 9986437158 G-6, Eco Fututrz, New City Light Road, Surat.

**મિલ્કત વેચવાની છે**

**3-BHK ફ્લેટ** વેચવાનો, 2005- ફૂટ, સિટીલાઈટ, 9924574256

**કાંટાતાર કંપાઉન્ડ** કાંટાતાર કંપાઉન્ડ, રેઝર કોઇલ ફીટીંગ કરનાર, દિવાલ ઉપર એંગલ મારી તાર મારી આપવામાં આવશે. સંપર્ક: 9924337821

**મિલકત વેચવાની છે** 2 BHK ફ્લેટ બીલ્ટપ એરિયા ૭૨.૫ ચો. મીટર. રામેશ્વરમ હીલ્સ B ટાવર બમરોલી રોડ સુરત. સંપર્ક:- 9558135057, 9574726114

**2 BHK ફ્લેટ** વેચવાનો છે. 65 લાખ. રાજહંસ કેમ્પસ પાલમાં. WhatsApp 9978936979 (746)

**વેચવાનું છે** ઓલપાડ રાધે રેસિડેન્સીમાં નવું મકાન વહેલા તે પહેલા લોન અમે કરાવી આપીશું ટોકન સામે કબ્જો 8160173717 (747)

**પ્લોટ વેચવાનો છે.** અડાજણ/ પાલ. 9909601200

**2/ 3/ 4 BHK** ફ્લેટ વેચવાનો. નવી બિલ્ડિંગ. અડાજણ/ પાલ. 9909601200

**રોહાઉસ વેચવાનું છે.** નવું બાંધકામ. અડાજણ/ પાલ. 9909601200

**પેન્ટ હાઉસ વેચાણથી** આપવાનું. બંગલા ટાઈપ, (૧) એસી પંખા બાથરૂમમાં ગીઝર TV દરેક રૂમમાં, (૨) કિચન સ્ટોરરૂમ. (૩) હોલ, મોટી બાલ્કની (૪) નીચે બે રૂમ, ઉપર ત્રણ રૂમ, હોલ, કિચન, સ્ટોરરૂમ, (૫) મોટી બાલ્કની ઝૂલા સાથે, ટોટલ 3000 સ્કેવર ફીટ. (દલાલોએ નોંધ લેવી.) મધુરમ એપાર્ટમેન્ટ, બી, બ્લોક, ૯૦૬, ૯૦૭, મેઈનરોડ, ભટાર ચારરસ્તા, સૂરત 9825100911.

**ડિસપ્યુટ વાળી જમીન** / પ્લોટ વેચાણથી જોઈએ છે. સુરત અથવા 50 કિ.મી સુધીમાં 9978936367

**લગ્ન વિષયક**

**સુરત રહેતી** 30 વર્ષની Educated કાછીયા પટેલ યુવતી માટે વેલ સેટલ્ડ યુવક આવકાર્ય 9512318416

**બ્રાહ્મણ** ગર્વમેન્ટ વિધવાઓ 1995, 1986, 1978, 1970, 1958 લગ્નગ્રંથિ/ મૈત્રિકરારથી જીવન સાથી જોઈએ છે. 9638171600

**જૈન વિધૂરો** 1990, 1982, 1973, 1965, 1952, વાર્ષિક પચ્ચિસ લાખ, એજ્યુકેટેડ વ્યક્તિઓને જીવન સાથી લગ્નગ્રંથિ/ મૈત્રીકરારથી જોઈએ છે. 9998126219

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં** 756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*